वर्ष : २२ सने : २०२४ सं.२०८०
अंक : १२, સળંગ અંક-૧૩૨ जेठ-जून

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૪ સં.૨૦૮૦
અંક : ૧૨ જેઠ-જૂન સળંગ અંક-૧૩૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



રાજેશ બી. શાહ
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**
★ **પરિગ્રહ - ૬**
★ **હે નાથ ! વૈરાગ્યનાં શસ્ત્રો...**
★ **પૂજ્યશ્રીનાં પગલે.... વચને...**


## આર્ષવાણી

**अद्य चिन्तामणिर्लब्धः,**

**फलितोऽद्य सुरद्रुमः ।**

**अद्य कामगवी प्राप्ता,**

**जिनेन्द्र! तव दर्शनात् ।।**

હે જિનેન્દ્ર ! આપના દર્શન થવાથી મને આજે ચિંતામણિરત્ન મળ્યું, કલ્પવૃક્ષ ફળ્યું અને કામધેનુ પ્રાપ્ત થઈ છે.

રાગ-દ્વેષ-મોહ વગરના, અષ્ટમહાપ્રાતિહાર્ય યુક્ત, દેવાધિદેવ, સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરભગવાન મને દર્શન આપો.





**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...) રત્નવતીની વિગત જાણવાની ઈંતેજારી રાજકુમારને થઈ. જેને એક-બીજાનો સંબંધ હોય, લેણ-દેણનો વ્યવહાર હોય, પોતાનો સ્વાર્થ હોય; તેને તેની વાત જાણવામાં વધારે રસ જાગે છે. આગળ શું થયું ? એવો પ્રશ્ન દિમાગમાં ઊઠે છે. રાજસિંહને પણ આવો જ સવાલ ઊઠ્યો. તરત જ એ મુસાફરને પૂછી પણ નાખ્યું ! હવે તો માત્ર એની કથામાં જ નહીં... એના જીવનમાં પ્રવેશ કરવાની તમન્ના જાગી છે. ગતજન્મના સંબંધને આ જન્મમાં પણ આગળ વધારવાની પ્રબળ ભાવના રાજકુમારને જાગી છે. વ્યક્તિને જાણ્યા પછી તેને મળવાની ઈચ્છા વેગ પકડતી હોય છે. ન મળે ત્યાં સુધી તેની વિચારણામાં, તેના ઉપાયો શોધવામાં ખાવા-પીવા-ઊંઘવાનુંય હરામ થઈ જાય છે. **કામી માનવની આવી જ દશા હોય છે.**

મુસાફરે પણ રાજકુમારની જિજ્ઞાસાને સંતોષવા વાત આગળ વધારી રાજકન્યા રત્નવતીના આ વિચારોની વાત ગામે ગામ ફેલાવા માંડી. સાથે તેનાં રૂપ, લાવણ્યની વાત પણ છાની રહે ? યુવાવસ્થા, રૂપ, શૃંગાર, લાવણ્ય, રાજકન્યાનું તેજ, ગુણો... વગેરેના યોગે આમેય સૌનું આકર્ષણનું કેન્દ્ર બની ગઈ. જે જે રાજકુમારોને આ વાતની જાણ થઈ... તે તે રાજકુમારો જૂઠનો આશ્રય લઈને પણ રાજકન્યા સાથે લગ્ન કરવાની ભાવનાથી કહેવા લાગ્યા : અમે પૂર્વભવમાં ભીલ હતા...! પ્રેમ આંધળો છે, તે કહેવત બિલકુલ ખોટી નથી. પ્રેમની સફળતા માટે રાજકુમારો પણ પોતાનો પૂર્વભવ ભીલ તરીકે કહેતાં લાજતા-શરમાતા નથી! **સામાન્યથી રાગ માત્ર જ ખરાબ છે, તેમાંય કામરાગ તો વધારે પીડાદાયક છે.**

અનેક રાજકુમારોને નહીં ઝંખનારી અને પોતાને ઝંખનારી કન્યા કોને ન ગમે ? વળી, તેમાં ગતજન્મનો ઋણાનુબંધ !

જૂઠનો, માયાનો-કપટ અને દંભનો આશ્રય લઈને કૈં-કેટલાય રૂપવાન, કલાવાન, ગુણવાન, યુવાન રાજકુમારો આ રત્નવતી સાથે સંબંધ બાંધવાના ઈરાદાથી આવી ગયા. જેને જેટલી બનાવટ કરતાં આવડી, તેટલી કરવાની કોશિશ કરી. હંમેશા **'સોના કરતાં કાંસાનો રણકાર વધારે હોય'** એ કહેવત પ્રમાણે દંભીનો દેખાવ સરળજીવ કરતાં વધારે હોય છે. માયાવી બનીને રૂપથી રંભા જેવી રાજકુંવરી સાથે લગ્નના ઈરાદાથી ઘણા-ઘણા રાજકુમારો આવી ગયા ! દંભીના નકાબને ખુલ્લો પાડવાની ક્ષમતા રાજકુમારી રત્નવતીમાં હતી. તેથી ભલે તેઓ 'ગતજન્મમાં હું ભીલ હતો' તેમ કહી કુંવરીને આવર્જિત-આકર્ષિત કરવા અને તેનો ભર્તાર

બનવા સૌ તૈયાર થઈ જતા... પણ રાજકુમારી તે રાજકુમારોને કેટલાક વેધક સવાલો પૂછતી. તે સવાલોના જવાબ ન આપી શકવાથી તેમની જૂઠીવાતનો પરદાફાસ થઈ જતો !

રાજકુમારીના સવાલોમાં ખાસ કરીને - ભીલ તરીકે ક્યાં હતા ? ત્યાં કયું પુણ્ય કર્યું, જેના પ્રભાવે રાજકુમાર થયા ? મારા તમારા વચ્ચેની કોઈ ખાસ વાત બતાવો... વગેરે હતા. જવાબ આપવામાં લગભગ બધા જ રાજકુમારો થોથવાઈ જતા હતા. દંભીનો દંભ ક્યાં સુધી ટકે ? રાજકુમારી બુદ્ધિની ચતુરાઈના કારણે અસલી-નકલીનો ભેદ પારખી જતી. ઘણા સમય સુધી આ સિલસિલો ચાલ્યો ! તેના કારણે રાજકુંવરીને બધા પુરુષો દંભી-માયાવી છે. સ્ત્રીઓમાં જ 'માયા' નામનો દોષ નથી, પુરુષોય માયા કરે છે, તે વાત જાણીને તેને માત્ર લગ્ન માટે આવતા રાજકુમારો માટે જ નહીં, પુરુષ માત્ર તરફ અપ્રીતિ થઈ ગઈ. પુરુષ દ્વેષિણી કહો તો અતિશયોક્તિ નથી. વારંવાર પુરુષોની કપટલીલા, માયા કરીને પોતાને પત્ની બનાવવાની મનોવૃત્તિ ખુલ્લી પડી જવાના કારણે રાજકુમારી હવે કોઈ પુરુષને - રાજકુમારને કે યુવકને જોવાય તૈયાર નથી ! નફરતનો ભાવ પેદા થઈ ગયો ! કોઈપણ પુરુષ સાથે બેસવા-વાત કરવાથી દૂર જ રહે છે. તેણી માત્ર સ્ત્રીઓ-કન્યાઓના સંસર્ગમાં જ રહે છે !પુરુષના નામથી પણ ભેંસ ભડકે, તેમ ભડકે છે!

રાહદારે આટલી વાત કર્યા પછી પોતાના મનની વાત જણાવતાં કહ્યું કે:- હે રાજકુમાર ! તમે પુરુષોમાં રત્ન સમાન છો. રાજકુમારી રત્નવતી સ્ત્રીઓમાં રત્ન સમાન છે. જો તમારો બંનેનો સમાગમ થઈ જાય એટલે કે - તમારી જોડી બની જાય તો મને એમ લાગે છે કે - રામ અને સીતાની જેમ તમારી જોડી શોભે એવી છે. મારું આવું માનવું છે.

સમાનતાવાળી જોડી કોને ન ગમે ? સરખે સરખાનો સમાગમ લગભગ બધાને આનંદપ્રદ બનતો હોય છે. હા, ઈર્ષ્યાળુને આવો સમાગમ દિલમાં આગ પ્રગટાવનારો બને તો એમાં આશ્ચર્ય જેવું કાંઇ જ નથી ! કાશ ! **ઈર્ષ્યાની આગ જેના દિલમાં ઊઠે છે તેને જ બાળે છે.** પુણ્યની ઈર્ષ્યા કરવી એ તો અયોગ્ય છે. પુણ્યશાળીને કુદરત પણ અનુકૂળ બની જાય છે.

**'ભાવતું' તું ને વૈદ્યે કહ્યું'** એ કહેવત મુજબ મુસાફરની વાત રાજકુમારને પણ ગમી ગઈ. આવી વાત સાંભળી રાજસિંહનું મન પ્રફુલ્લિત થયું. હૈયામાં આનંદ છલકાયો. આનંદમાં આવીને રાજકુમારે પોતાના શરીર પર રહેલા તમામ દાગીના ઉતારીને શુભસમાચાર આપનાર મુસાફરને આપી દીધા !! **ભીતરના આનંદની સામે સોના-ઝવેરાતની શું કિંમત છે ?** ઈતિહાસમાં ઘણા પ્રસંગો જાણવા-વાંચવા મળે છે, જેમાં આવા દાગીનાની ભેટ આપતા હતા. જેમ શ્રેણિકરાજાને



સમાચાર મળતા કે-પ્રભુ અમુક દિશામાં સુખપૂર્વક વિચરે છે. તો તે સમાચાર આપનારને પોતાની આનંદની અનુભૂતિમાં મુગટ સિવાયના દાગીના ઉતારીને ભેટ ધરી દેતા ! મતલબ, પોતાના દિલનો હરખ આવી રીતે છલકાતો ! યોગ્ય-પાત્ર વ્યક્તિની ભાળ મેળવી આપનારની આ રીતે રાજકુમારે કદર કરી. મુસાફર તો ખુશ-ખુશ થઈ ગયો. એને તો જાણે **વગર વાદળે વરસાદ થયો.** (અનભ્રાવૃષ્ટિ થઈ.)

હવે રાજકુમારના મનમાં એક તરફ ખુશીનો પાર નથી તો બીજી તરફ હવે રત્નવતીને કઈ રીતે મળવું અને એને કઈ રીતે પ્રાપ્ત કરવી તેના ઉપાયોની વિચારણાનાં ચક્રો ગતિમાન થયાં. **ઈષ્ટ-પ્રિય વ્યક્તિ કે વસ્તુ ન મળે ત્યાં સુધી દિલમાં ઊઠતી બેચેની પણ એક ગાઢ વ્યથાથી ઓછી નથી હોતી !** બેચેન બનેલું મન; શરીર, ઇન્દ્રિયો, ખાનપાન, ઊંઘ વગેરે ઉપર દુષ્પ્રભાવ ઊભો કરે છે. દુર્ધ્યાન દ્વારા દુષ્કર્મો ઉપાર્જન કરાવે છે ! સારું મન સહાય કરે છે તો બગડેલું મન બધાને બગાડે છે. જીવતરને પણ ધૂળ કરી નાંખવાની તેની તાકાત છે.

રાજકુમારના મનની યાત્રાને એક નવો જ વળાંક મળી ગયો છે. રાજકુમાર પોતાના મિત્ર સુમતિ સાથે નગરમાં અને મહેલમાં પાછો તો આવી ગયો પરંતુ હવે તેના મન પર રત્નવતીનું જે ભૂત સવાર થયું છે તે કેમેય નીકળતું નથી. મનને કોરી નાંખનારો એ કીડો ચેન પડવા દેતો નથી. મોટો રાજમહેલ પણ શું કરવાનો ? પહેરવાનાં વિવિધવર્ણી વસ્ત્રો પણ મનને ચેન નથી પડવાં દેતાં. ખાવા-પીવાની અઢળક સામગ્રી પણ ગળે નથી ઊતરતી, ભલે ને બત્રીશ પકવાન અને તેત્રીશ વ્યંજનનાં ભોજનિયાં કેમ ન હોય ! હીરા-માણેક-મોતી કે સોના-ચાંદીનાં મનમોહક અલંકારથી તિજોરીઓ ભરી હોય... સંગીતની મહેફીલ કેમ ન હોય... વૈવિધ્યપૂર્ણ નાટક ભલે ચાલતાં હોય... મનને આનંદથી ભરી દેનારા ભાત-ભાતનાં ખેલ ભલેને હોય... ટૂંકમાં કહીએ તો પાંચે ઈન્દ્રિયના ભરપૂર વિષયો - સામગ્રી ઉપલબ્ધ હોય... ક્યાંય ચેન નથી પડતું. બધું જ જાણે વ્યર્થ ! કારણ, મનના માણિગરનો અભાવ ! મનમાં જેનું સતત સ્મરણ -રટણ છે, મનમાં જેનો વાસ છે, તે સામે કે સાથે નથી.

હા, ઊંડાણથી વિચારીએ તો એમ લાગે કે ખાન-પાનની સામગ્રી તો પેટમાં પડવાથી ભૂખ-તરસ છીપાય છે. દાગીના પહેરવાથી તો શરીરની શોભા વધે છે. વસ્ત્રોથી પોતાનો રૂઆબ વધે છે. પફ-પાવડરથી ચહેરાનો નિખાર ઊભરી આવે છે. પરંતુ જે વ્યક્તિ ઈષ્ટ છે તેની હાજરીથી નથી પેટ ભરાવાનું... નથી ચહેરાની ચમક દેખાવાની, નથી શોભામાં અભિવૃદ્ધિ થવાની... છતાં ખાધા વગર ન ચાલે... અલંકાર વગર ચલાવી લે... પફ-પાવડર વગેરે શૃંગારનો અભાવ ચાલે... પરંતુ

મનપસંદ વ્યક્તિ વગર બધું જ અકારું લાગે... જીવનમાં ખાલિપો અનુભવાય છે. બંને જીવ અલગ હોવા છતાં કેવી મોહ રાજાની ગુલામી ? કેવી તેની કરામત ? મન ઉપર તેનો કેવો કબજો ? તેના વગર જાણે બધું જ શૂન્ય ! સેજ-તળાઈઓય તેને રુચિકર ન બને ! ભોગ-ઉપભોગની તમામ સામગ્રી, જેના વગર જીવન ન જ ટકી શકે... તેના પર અપ્રીતિ ? મોહરાજાએ મનને એક જ પાત્રમાં કેન્દ્રિત કરી લીધું! વળી, આ જન્મમાં તો હજી આ પાત્રને નજરે જોયું પણ નથી. તેના રૂપ-રંગને નિહાળ્યાં નથી. તેની પ્રકૃતિનો પરિચય થયો-કર્યો નથી ! તે રત્નવતી પોતાને કેટલું ચાહશે, તેની જાણ નથી. જીવનનો એ સંબંધ કેટલો સમય રહેશે તેની પણ ખબર નથી. છતાં મોહરાજાએ બિછાવેલી અને નજરે ન દેખાતી એ માયાજાળમાં જીવ કેવો ફસાઈ ગયો છે ? કેવો અંધાપો આવી ગયો છે ? પ્રત્યક્ષ રહેલી ચીજોને છોડી પરોક્ષમાં રહેલા પદાર્થ કે વ્યક્તિ માટે આ જીવ વલખાં મારે છે ! તરસે છે. મોહરાજાને વળી અજ્ઞાનતાનો સહયોગ મળી ગયો, જાણે ચંચળ વાંદરાને મદારીએ દારૂ પીવડાવ્યો ! શું બાકી રહે ? કેવો ઉત્પાત મચાવે ?

રાજકુમાર-રાજસિંહે પણ પોતાના જીવનમાં જ નહીં, રાજકુળમાં, પરિવારમાં અને નગરમાંય ઉત્પાત મચાવી દીધો છે ! કારણ, રાજકુમાર રાજસિંહ રત્નવતી મેળવવા માટેના જ એક વિચારમાં પાગલની જેમ નગરની શેરીઓમાં, ચોરે અને ચૌટે ફરવા લાગ્યો! હજી તો જે વ્યક્તિને ક્યારેય જોઈ નથી... મેળાપ થયો નથી. એક વાર મેળાપ થયા પછી વિયોગ થયો હોય તો, એક સ્નેહના તાંતણે જીવો બંધાય... પછી તેના વિયોગ સમયે વેદના સાલે તે સ્વભાવિક છે. અહીં તો સાવ અલગ વાત છે. માત્ર તેના ગતભવનો સંબંધ અને વર્તમાન જન્મની સાંભળેલી વાતથી એવો લગાવ પેદા થયો છે કે હવે એક-બીજા મિલન માટે આતુર છે.

રાજકુમારને રત્નવતીને મેળવવાની જ એક માત્ર ધૂન ચઢી છે. તેના માટે તે નગરમાં ગમે ત્યાં, ગમે તેમ ફરી રહ્યો છે. રાજકુમારનું રૂપ-લાવણ્ય અદ્ભુત-અનુપમ હોવાથી નગરની કન્યાઓ અને સ્ત્રીઓનાં ટોળાં, પોતાનાં બાળકોને રડતાં મૂકી, આ યુવાન રાજકુમારનાં સૌંદર્યથી આકર્ષિત થઈ તેની પાછળ ફરવા લાગ્યાં!

આવી પરિસ્થિતિ થવાથી કેટલાંય ઘરમાં ક્લેશ-કંકાસ અને ઝઘડા થવા લાગ્યા. થાકીને નગરજનોએ રાજા પાસે ફરિયાદ કરી કે-હે કૃપાનાથ! હે નરનાથ! પ્રજાવત્સલ ! ભૂપાલ ! નગરનું વાતાવરણ સંક્ષુબ્ધ છે. મોટા ભાગના પરિવારો ડહોળાઈ રહ્યા છે. આપ મહેરબાની કરી રાજકુમારને નગરમાં ફરતા અટકાવો. રાજમહેલમાં જ રહેવા જણાવો. નગર અને નગરજનોને સંભાળવા - સાચવવા એ આપનું કર્તવ્ય છે. આપને અમે જાણ કરવા અને યોગ્ય માર્ગ કાઢવા વિનંતિ કરીએ છીએ.



અલબત્ત, રાજકુમારના નગરમાં ફરવાના કારણે નગરની કેવી હાલાકી થઈ રહી છે, તેની તેને જાણ નથી. તેના મનમાં માત્ર રત્નવતી જ છે. ગમે તેમ કરીને રત્નવતીને મેળવવાની એકમાત્ર કામના છે. મનોકામના પૂરી ન થવાના કારણે રાજકુમાર બેબાકળો અને અધીરો બની ગયો છે. તેની બાકી બધી વિચારની દિશાઓ બંધ થઈ ગઈ છે. મતલબ રત્નવતીને જલદી પ્રાપ્ત કરવાની દિશા સિવાયની તમામ દિશાના વિચારો તરફ કોઈ લક્ષ જ નથી. દિગ્મૂઢ બની ગયો છે!

રાજાને આ વાતની જાણ નગરના સજ્જનો તરફથી થતાં જ પોતાના સેવકો દ્વારા રાજકુમારને કહેવડાવ્યું કે-'તારે નગરમાં ક્યાંય ફરવા ન નીકળવું. માત્ર રાજમહેલમાં જ રહેવું. તારા બહાર ફરવાના કારણે નગરવાસીઓ હેરાન થઈ રહ્યા છે. નગરનું વાતાવરણ ડહોળાઈ રહ્યું છે...'

રાજકુમારને આ સંદેશો પહોંચતાં જ, આ હુકમ થવા પાછળ મારો અપરાધ થયો જણાય છે. પિતાજી તો પ્રજાના સુખ-દુ:ખની હંમેશા ચિંતા કરનારા છે. રાત-દિવસ તેઓના મનમાં પ્રજાની ચિંતા હોય છે. તે માટે તો ઘણી વાર ગુપ્ત વેષે નગર-નિરીક્ષણ કરવાય રાતના સમયે નીકળતા હોય છે. પિતાજીની આજ્ઞા પાળવી એ મારી પણ ફરજ છે. પિતાજીનો આ નાનો ઈશારો સમજુ એવા મારે માટે સંદેશો છે. આવી આજ્ઞાનું કારણ જાણવા માટે પોતાના મિત્ર સુમતિને બોલાવ્યો. સુમતિએ આખી ઘટનાની જાણ કરી. નગરમાં મચી રહેલા ઉત્પાતનો ખ્યાલ આપ્યો. પિતાજીની વાત અયોગ્ય તો ન જ હોય.. તે તો રાજકુમારને ય ખબર હતી.

વાસ્તવિકતા જાણ્યા પછી કુમારે સુમતિને કહ્યું : હે મિત્ર! પિતાજીની આજ્ઞા યોગ્ય હોવા છતાં મારે માટે એ આજ્ઞા પાળવી મુશ્કેલ લાગે છે. આખો દિવસ ઘરમાં - મહેલમાં શી રીતે વિતાવવો ? ઘરકુકડી બનીને કઈ રીતે રહેવું ? જેલમાં પુરાયા જેવી હાલત લાગે...! રાજાને મન તો કાયદો બધાને માટે સરખો જ હોય. જે આંખે પ્રજાને જુએ, એ જ આંખે મને જોવો-એ રાજાનો ન્યાય છે. મને પિતાજીએ અન્યાય તો નથી જ કર્યો, નથી પ્રજાને અન્યાય કર્યા ! મારી મજબૂરી જુદી છે.

વળી, આમેય રાજકુમારી રત્નવતીને જોવાની-મળવાની ભાવના મનમાં રમી રહી છે. તેથી મારો વિચાર છે, દેશાંતર ચાલ્યા જઈએ. હે મિત્ર! મને તારો સાથ જોઈએ. મિત્રની આવા સમયે જ પરીક્ષા થાય છે. અનુકૂળતામાં કે સંપત્તિમાં તો સૌ કોઈ મિત્રો (બનતા અને) પાસે રહેતા હોય છે.વિપત્તિ કે પ્રતિકૂળતામાં કેટલા સાથ આપે ? માટે જ સંસ્કૃતનું સુભાષિત જણાવે છે કે -'आपदि मित्रं परीक्षेत्।' અર્થાત્ આપત્તિના સમયે મિત્રની પરીક્ષા લેવાય છે. **આપત્તિમાંય સાથ આપે, પડખે ઊભો રહે, ભાગી ન જાય તે જ સાચો મિત્ર ગણાય. કોકનો ભોગ લેવા નહીં,**

**ભોગ આપવા માટે મિત્ર થવાનું છે.** એટલે કે-મિત્ર માટે જરૂર પડે તન-મન-ધન અને સમય વગેરેનો ભોગ આપવા મિત્રે તૈયાર રહેવાનું છે.

સુમતિને રાજસિંહની વાત ઉચિત લાગતાં તે દેશાંતર-ગમનમાં સાથ આપવા તૈયાર થઈ ગયો. બંનેના વિચારો એક થતાં જ હાથમાં તલવાર લઈને નગરની બહાર નીકળી પડ્યા! **તલવાર તો રાજતેજની નિશાની છે. ક્ષાત્રવટનો પુરાવો છે. સાત્ત્વિકતાનું ચિહ્ન છે.** વળી, રાજકુમારો તો પુરુષની ૭૨ કળાઓ શીખેલા હોય છે. તેમાં તલવાર ચલાવવાની -યુદ્ધ કરવાની કળાનો સમાવેશ છે. તલવારથી સુરક્ષા પણ સહેલાઈથી થઈ શકે છે. તલવારને જોતાં જ સામી વ્યક્તિ તેના સાહસ-સત્ત્વને સમજી શકે છે. એના પર વાર-હુમલો કરતાં પહેલાં વિચાર કરે છે. જંગલી જાનવર હોય કે માનવ... તમામ જગ્યાએ સુરક્ષા કવચ બને છે આ તલવાર ! સાહસ વગર સિદ્ધિ ક્યાંથી મળે ? રાજા વિક્રમાદિત્યે આવી તલવારથી જ વેતાલને હરાવીને વશ કર્યો હતો! સત્ત્વ અને શસ્ત્ર(તલવાર) થી ઘણાં કાર્યો સિદ્ધ થઈ શકે છે.**સંસારી જીવનમાં સત્ત્વ અને શસ્ત્ર જરૂરી ગણાતાં હોય છે, જ્યારે મુનિ-સાધુ જીવનમાં સત્ત્વ અને ક્ષમા જેવું બીજું ધારદાર-ઊંચું શસ્ત્ર કયું હોઈ શકે ?** આ ક્ષમામાં મૌનનોય સમાવેશ છે. કારણ, મૌન રહેવા પાછળનું મુખ્ય કારણ દિલમાં રહેલી ક્ષમા અને કરુણા જ હોય છે. વીરતા માટેનું આભૂષણ એ જ છે. તેથી જ કહેવાય છે ને ?-'क्षमा वीरस्य भूषणम्।'

બંને મિત્રો હાથમાં તલવાર લઈને નીકળ્યા છે.ભાગ્ય બતાવે તે દિશા પકડવાની છે.**પુણ્ય પ્રબળ હોય અર્થાત્ ભાગ્ય-દૈવ અનુકૂળ હોય તેને દિશાય સાચી જ મળી જાય છે.** અનેક ગામ-નગરો પસાર કરતાં બંને આગળ વધી રહ્યા છે.

(ક્રમશઃ) ધ

## ★ પરિગ્રહ - ૬ ★★★

**- શ્રી ધર્મમિત્ર**

દીપકને પ્રકાશ આપતો રાખવા માટે મુખ્યત્વે બે ચીજોની જરૂરિયાત હોય છે. ૧.તેલ(અથવા ઘી) અને ૨.પવન (હવા) રહિત સ્થાન.

દીપકમાં તેલ ખૂટી જાય તો દીપક બુઝાઈ જાય છે. તેલ પૂરતું હોવા છતાં જો પવનના ઝપાટા લાગે તો પણ દીપક ટકી શકતો નથી, બુઝાઈ જાય છે. આ જ રીતે જ્ઞાન દીપકરૂપ અપ્રમત્તસાધુની સ્થિરતા માટે ૧.યોગ્ય આહાર (તેલ,ઘી) તથા ૨.ધર્મના ઉપકરણો : એમ બે સાધનની જરૂર હોય છે. અહીં તેલના સ્થાને સુયોગ્ય આહાર છે અને પવનરહિત સ્થાનની જગ્યાએ ધર્મોપકરણો છે. **શરીરને ટકાવવા આહારની જેમ મોક્ષમાર્ગની આરાધનામાં ધાર્મિક ઉપકરણો સહાયક છે.**



દિગંબર આહારની આવશ્યકતાનો સ્વીકાર કરે છે પરંતુ ધર્મોપકરણોથી મૂર્ચ્છા-મમત્વ થાય એવું માને છે. ધાર્મિક ઉપકરણો તો કેટલાક સમય - સુધી તેના તે જ રહેવાના કારણે મમત્વ રોજ ન થાય ; એવું બને... પરંતુ આહાર તો રોજ નવો-નવો લેવાનો હોવાથી અને વિવિધ સ્વાદવાળા પદાર્થો આવવાનાં કારણે ત્યાં રાગાદિ થવાની સંભાવના વિશેષ ગણાય છે. દિગંબરોની માન્યતામાં કેટલું વજૂદ છે, તે વિચારવા યોગ્ય છે. **ઉપકરણોના રાગ કરતાં ખાવા-પીવાદિની સામગ્રી પર વધારે રાગ-દ્વેષ થાય છે, એ વાત તો આખી દુનિયા સ્વીકારે છે.** હા, તે માટે સાધુ-સાધ્વીજીને અંગાર અને ધુમ્ર (રાગ-દ્વેષ) જેવા ઘણા દોષો બતાવી એનાથી સાવધાન રહેવાની વાત શાસ્ત્રકાર ભગવંતોએ ઘણા ગ્રંથોમાં બતાવી છે.

સાવધાની માત્ર એવરેસ્ટ પર્વતનાં આરોહણમાં જ રાખવાની એવું નથી, સીધા રસ્તે ચાલવામાંય તેટલી જ સાવધાની રાખવાની હોય છે. ચાલવાની ક્રિયામાં થયેલી બેસાવધાનીના અનર્થો જણાવવાની જરૂર નથી, એ સર્વજન વિદિત છે. તે જ રીતે માત્ર ઉપકરણોના વિષયમાં જ નહીં, આહારના વિષયમાં પણ એટલી (અથવા તેનાથી વિશેષ) જ સાવધાની રાખવાની છે. ઉપકરણોની સંખ્યા, માપ વગેરે તેવાં જ આપ્યાં છે, જેના કારણે રાગાદિ ભાવો ન જાગે. તે ઉપરાંત જીર્ણપ્રાયઃ વસ્ત્રાદિનું વિધાન પણ એ માટે જ મૂકવામાં આવ્યું છે. આહાર પણ અંત-પ્રાંત, લૂખો-સૂકો, વિરસ જ લેવાનો છે.

આહારની જેમ વસ્ત્ર-પાત્ર માટે પણ ગુણ-દોષની વાત શાસ્ત્રોમાં પાનાં ભરીને કરવામાં આવી છે. ગવેષણાના ચાર પ્રકાર બતાવ્યા છે, જેમાં આહાર-વસ્ત્ર-પાત્ર અને વસતી : એ ચારે છે. આનો અર્થ એ થયો કે - ચારેમાં પૂર્ણ તકેદારી પૂર્વક તે તે ચીજ ગ્રહણ કરવાની છે. **સાવધાની (અપ્રમત્તતા) ગુણ માટે થાય છે. બેસાવધાની દોષ માટે થાય છે.**

આહારમાં મમત્વાદિ ન થાય અને વસ્ત્રાદિ ઉપકરણોમાં મમત્વ થાય; આ ન્યાય તો હાસ્યાસ્પદ લાગે તેવો છે. આ તર્કો બુદ્ધિમાં બેસે તેવા નથી. તે જ રીતે એ વાતને કોઈ શાસ્ત્રાધાર-શાસ્ત્રપાઠ પણ મળતો નથી.ચાર જ્ઞાનના ધણી ગણધર ભગવંતો કે પાંચ જ્ઞાન (અથવા કેવળજ્ઞાન)ના ધણી તીર્થંકર ભગવંતોની વાતને પડકારવાની વાત છદ્મસ્થ માટે કેટલી વ્યાજબી ગણાય ? હા, કક્ષાભેદની કેટલીક વાતો સામાન્ય સાધુ માટે ન જ લઈ શકાય. સૂર્ય સામે ધૂળ ઉડાડવાની ક્રિયા જેવી મુર્ખાઈ શું આમાં નથી દેખાતી? અથવા સૂર્યની સામે ખજવાના પ્રકાશની શી ગણના ? સૂર્યની સામે તેનું શું ગજું ? માત્ર પોતાના મનઘડંત મતની સિદ્ધિ કરવાની ચેષ્ટા ; અરિહંતભગવંતો અને ગણધરભગવંતોની ભયંકર આશાતના નહીં તો બીજું શું છે ? આભિનિવેષિક વગેરે મિથ્યાત્વના યોગે જીવો આવા ખોટા હઠાગ્રહથી યુક્ત

બનીને ધર્માચાર્ય (શ્રી તીર્થંકરભગવંતો) ની સામે બળવો પોકારવાય તૈયાર થઈ જાય છે.

પ્રશમરતિ નામના ગ્રંથમાં ભગવાન ઉમાસ્વાતિજી મ.ગાથા ૧૪૦થી ૧૪૨ માં આ વાતને (દિગંબરોની વાતને) હાસ્યાસ્પદ ગણાવે છે.

ધર્મનાં ઉપકરણો હોય કે જગતની કોઈપણ સામગ્રી હોય... કોનાં માટે પરિગ્રહરૂપ બને, કોના માટે ન બને : તે વાત હવે અષ્ટકના અંતિમ-આઠમા શ્લોકમાં જણાવે છે.

**मूर्च्छाच्छन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।**

**मूर्च्छया रहितानां तु, जगदेवापरिग्रहः ।।८।।**

**ભાવાર્થ :** જેમની બુદ્ધિ મૂર્છાથી આચ્છાદિત થઈ ગઈ હોય તેને માટે સમગ્ર જગત પરિગ્રહરૂપ છે. મૂર્છા વિનાના યોગી જીવોને તો સમગ્ર જગત જ અપરિગ્રહરૂપ છે.

જગતમાં રહેલા પદાર્થો પોતાને મળ્યા હોય કે ન મળ્યા હોય .. પરંતુ તેને મેળવવા-ભોગવવા કે સાચવવાની વૃત્તિ હોય તેને માટે જગતની તમામ ચીજો પરિગ્રરૂપ જ ગણાય. જગતની તમામ ચીજો ક્યારેય કોઈની થઈ નથી, થવાની નથી, થતી નથી. આ એક નગ્ન વાસ્તવિકતા છે. આનો સીધો અર્થ એ થયો કે - જગતમાં જેટલા જીવો છે,તે જીવોને પોત-પોતાનાં પુણ્યના આધારે ભૌતિક સામગ્રી પ્રાપ્ત થાય છે, ભલે તે મળેલી તમામ સામગ્ર ભોગવી શકતો ન હોય ... જગતની તમામ સામગ્રી ચક્રવર્તી કે ઈન્દ્રની માલિકીની પણ બનતી નથી. કેટલાક દર્શનકારોની માન્યતા મુજબ જગતકર્તા ઈશ્વર છે.(ઈશ્વર તરીકે તે લોકો બ્રહ્માને ગણે છે.) તે બ્રહ્મા પણ જગતના માલિક બની શકતા નથી. તમામ દેવો અને ઈન્દ્રો ઉપર પણ તેમનું રાજ્ય (હુકમ) ચાલતું નથી, છેવટે તો આ માન્યતાવાળાને પણ તે તે જીવોનાં પુણ્ય-પાપના આધારે બ્રહ્મા કાર્ય કરે છે, એવું સ્વીકારવું પડ્યું છે ! જો જીવોને પાતાનાં પુણ્ય-પાપનાં ફળો ભોગવવાનાં હોય તો વચમાં બ્રહ્માને લાવવાની જરૂર જ ક્યાં છે ? વળી, ભગવાન એક ને દુઃખી, એક ને સુખી બનાવે? આવું ભગવાન કરે ? આવા ભગવાનને દયાળુ કઈ રીતે કહી શકાય? અલબત્ત આ વિષયની ચર્ચા રત્નાકર અવતારિકા, દર્શનરત્ન રત્નાકર, સ્યાદ્વાદ મંજરી વગેરે ઘણા ગ્રંથોમાં કરી છે.

આપણે મૂળ વિષયને તપાસીએ. રાગ(લોભ) અને આસક્તિથી જેઓની પ્રજ્ઞા ઉપર આવરણ આવી ગયું હોય એ આવરણ મમત્વ(મૂર્છા) નામનું ગણાય છે. અર્થાત્ માનવોની બુદ્ધિ ઉપર મમત્વભાવરૂપ મોહનીય કર્મે પોતાનો કબજો



જમાવ્યો હોય તેઓ વ્યવહારથી કોઈ તેવા પદાર્થોના માલિક ન હોવા છતાં જગત આખાનો પરિગ્રહનો દોષ(પાપ) તેઓને લાગે છે. એટલે કે તેમના માટે આખું જગત પરિગ્રહ તરીકે ગણાય છે, ભલેને વ્યવહારથી તે માણસ ચાર ફૂટ જમીનનો કે ચાર કપડાંનોય માલિક ન હોય. ભીખારી તરીકે ભીખ માંગતો હોય, ભીખ માંગવાના ચપ્પણિયાનાય તેની પાસે ઠેકાણાં ન હોય ! કહેવાનો આશય એ છે કે, **બહારથી ફકીર દેખાતો માણસ યોગી જ હોય, અપરિગ્રહી જ હોય તેવું નથી.** મનમાં મળવાની કે મેળવવાની અપેક્ષા હોય તો તે અપરિગ્રહી ક્યાંથી ગણાય? અહીં 'વૃત્તિ' પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રવૃત્તિમાત્રથી (વૃત્તિ તેવી ન હોય) તેવા પ્રકારનાં ચીંકાણાં કર્મો ન બંધાય. જ્યારે **પ્રવૃત્તિહીન પણ મલિન મનોવૃત્તિ હોય તો ક્લિષ્ટ કર્મોનો બંધ થાય છે.** આમાં એક તરફ ચક્રવર્તી થયેલા શ્રી શાંતિનાથ-કુંથુનાથ અને અરનાથને લો... પ્રવૃત્તિમાં રાજપાટ, ભોગ-ઉપભોગ અને વૈભવ-વિલાસ કેવા દેખાય છે ? છતાં તેઓ કર્મ બાંધતા નથી, માત્ર ખપાવે જ છે. અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ જોડાયેલી નથી. મતલબ, પ્રવૃત્તિ પાપની જોવા મળે છે. વૃત્તિથી તેઓ અનાસક્ત યોગી જેવા છે. બીજી તરફ તંદુલિયો મત્સ જુઓ. પ્રવૃત્તિ કાંઈ જ નથી, પરંતુ વૃત્તિ (માનસિક વિચારણા) માં ભયંકર હિંસા છે. તેના યોગે તે ચીંકણાં કર્મ બાંધી સાતમી નરકમાં ચાલ્યો જાય છે. તો ત્રીજી તરફ **મન-વચન વગરના વનસ્પતિકાયના જીવો પ્રત્યક્ષ પણે એક પણ (હિંસાદિ) પાપ ન કરવા છતાં તેને અઢારે પાપ લાગે છે,** એમ જૈન શાસ્ત્રો કહે છે; તેમાં અંતરચેતના અને અવિરતિ જવાબદાર ગણાય છે.

કર્મના બંધમાં ચાર ચીજ વિચારવાની છે. ૧. પ્રકૃતિ ૨. સ્થિતિ ૩. રસ અને ૪. પ્રદેશ. આમાં પ્રકૃતિ અને પ્રદેશની વાત આપણા હાથમાં નથી. સ્થિતિ અને રસ જીવની વૃત્તિ પર નિર્ભર છે. પ્રકૃતિ એટલે કર્મનો સ્વભાવ. જેમ કે જ્ઞાનાવરણીયકર્મનો સ્વભાવ છે, જ્ઞાનગુણને ઢાંકવાનો અથવા તેને વિકૃત કરવાનો. વેદનીયકર્મનો સ્વભાવ છે : શાતા-અશાતા પ્રદાન કરવાનો... પ્રદેશનો અર્થ છે : જત્થો. કાર્મણવર્ગણાનો સમૂહ. સમયે સમયે જીવ અનંત-અનંત કાર્મણવર્ગણા ગ્રહણ કરે છે, જેને જીવ કર્મરૂપે પરિણમાવે છે. વાતાવરણમાં રહેલી કાર્મણવર્ગણાને જીવ ગ્રહણ કરી, આત્મપ્રદેશો સાથે; દૂધ - પાણીની જેમ કે લોઢા - અગ્નિની જેમ એકમેક કરી દે તેને કર્મ બંધ કહેવાય છે.

રસબંધ અને સ્થિતિબંધનો આધાર અધ્યવસાયો પર રહે છે. અર્થાત્ તે તે કર્મબંધ સમયે જીવના જેવા આત્મપરિણામ, જેવી લેશ્યા, જેવી મનોવૃત્તિ... તેવાં રસવાળાં અને લાંબી-ટૂંકી સ્થિતિવાળાં કર્મો બંધાય છે. જેવો રસ પડે તેવાં તીવ્ર-મંદ ફળ આપવાવાળાં કર્મો તૈયાર થાય છે. જેવી સ્થિતિ બંધાય તે મુજબ દીર્ઘસમય

ફળ આપનારાં અથવા અલ્પ સમય ફળ આપનારાં કર્મો નક્કી થાય છે. અલબત્ત, કર્મોના વિષયમાં ઘણી બધી વાતો છે. તે વિષય થોડો શુષ્ક (ભેજાને કસવો પડે તેવો) ગણાય છે. તેના નિષ્ણાત પાસે બેસીને સમજવા જેવો છે. એક વાર આ વિષયનો રસ પેદા થઈ જાય તો આનંદ આવે છે. કર્મના વિષયને બરાબર સમજ્યા પછી પોતાની વૃત્તિમાં ઘણું પરિવર્તન આવી જાય છે. પ્રવૃત્તિ ભલે ન બદલી શકાય. અલબત્ત, તે જીવ પાપપ્રવૃત્તિમાં પરિવર્તન લાવવાના પુરુષાર્થ માટે તત્પર જ હોય છે. પરંતુ પાપપ્રવૃત્તિ ન જ છોડી શકે ત્યાંસુધી તે આત્મા દુઃખાતા દિલે તે પ્રવૃત્તિ કરવાના યોગે ગાઢ-ચીંકણાં કે લાંબી સ્થિતિવાળાં પાપકર્મો બાંધતો નથી. વળી, એ પાપની પરંપરા ચાલે તેવાં અનુબંધવાળાં કર્મોપાર્જન કરતો નથી.

આના ઉપરથી સમજવાનું છે કે - એક મૂર્ચ્છાના કારણે જીવના સ્વભાવાદિમાં કેટલું - કેવું પરિવર્તન આવી જાય છે ? નાહકનાં કેટલાં પાપો સાથે આત્મા જોડાય છે ? બિનજરૂરી કર્મોનાં બંધનોથી કેવો જકડાય છે ? એક મૂર્ચ્છા માત્રના કારણે જીવ વ્યવહારથી ગરીબ હોવા છતાં નિશ્ચયથી જગતના પરિગ્રહના પાપથી બંધાય છે. વગરભેગું કરે પણ જો જીવની આવી દુર્દશા થતી હોય તો નાના-મોટા પરિગ્રહ પર મમત્વ રાખનારાની સ્થિતિ શું થાય ? અર્થાત્ જીવને ક્યાં લઈ જાય - જશે ? તે વિચારવા જેવું છે. **પુણ્યથી મળતી સામગ્રી પણ ભોગવવા જેવી નથી.** પુણ્યનો ખર્ચ જ કરવા જેવો નથી; એ વાત જ્ઞાની ભગવંતોએ જીવમાત્રના હિતની ભાવનાથી કરી છે. **પૈસા જેમ બચાવવા જેવા લાગે છે. તેમ, તેના કરતાં વધારે પુણ્યને બચાવવા જેવું છે એવું લાગવું જોઈએ. બચાવેલો પૈસો કેટલો કામ આવશે તે કહેવું મુશ્કેલ છે... પરંતુ બચાવેલું પુણ્ય તો ગમે તે ગતિ-જાતિમાંય કામ લાગશે, એ વાત પાકી છે, ખાતરીવાળી (ગેરંટેડ) છે.**

પૈસાની ચોરી-લૂંટ થઈ શકે છે પુણ્યની ક્યારેય ન થાય. પૈસાને સાચવવા તિજોરી-લોકર વગેરેની જરૂર પડે, પુણ્ય માટે ન જ પડે, **પૈસાને સાચવવાથી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન (જે નરકના આયુષ્ય બંધનું સીધું કારણ છે) થાય,** પુણ્યને સાચવવામાં કોઈ અશુભ ધ્યાન નથી... પૈસો (સંપત્તિ) પરલોકમાં સાથે ન આવે. જ્યારે પુણ્ય તો દેવલોકાદિ અન્ય જન્મમાંય સાથે જ આવે છે... આવા તો ઘણા મુદ્દા વિચારી શકાય... કાશ, પુણ્યનોય રાગ અમુક કક્ષા સુધી જ કરવાનો છે. યોગીજનોને તો પુણ્ય પણ હેય છે. યોગીજનો પૈસાના સંચયની જેમ પુણ્યના સંચયમાંય માનતા નથી. તેઓ તો ધર્મના જ સંચયને પ્રાધાન્ય આપે છે. તારણહાર તરીકે માત્ર ધર્મને જ ગણે છે. ધનની મૂર્ચ્છા-મમત્વનો સંપૂર્ણ ત્યાગ કરી સાચા અપરિગ્રહી બનવા તરફ પ્રગતિ કરો, એ જ મંગલકામના. ધ



## ★ હે નાથ ! વૈરાગ્યનાં શસ્ત્રો...... ★★★

**- શ્રીભક્તિમિત્ર**

હે વીતરાગ ! આપે રાગ પર વિજય મેળવ્યો. દ્વેષ પર પણ વિજય પ્રાપ્ત કર્યો. કારણ, આપે બંનેને આત્માના દુશ્મન માન્યા. આ દુશ્મનને ઓળખાવનારા તત્ત્વોમાં સર્વ પ્રથમ નંબરે જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાનને સમ્યગ્સ્વરૂપ આપનાર સમ્યગ્દર્શન છે. જ્યારે સમ્યગ્દર્શનના પાયા પર જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ આત્માદિ તત્ત્વોની સાચી ઓળખ અને શ્રદ્ધા થાય છે. આ તત્ત્વોની ઓળખની આડે અને શ્રદ્ધાની આડે અજ્ઞાનતા, મોહમૂઢતા, અવિવેક, અપ્રશસ્ત રાગાદિ કષાયો (અનંતાનુબંધી કષાયો), મિથ્યાત્વ વગેરે જવાબદાર ગણાય છે. પ્રભુ! તેં આ તમામ તત્ત્વોને મારી હટાવવા કેવો ભગીરથ પુરુષાર્થ કર્યો ? માત્ર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જ નહીં, તેની સાથે દુષ્કર ગણાતી સમ્યક્ચારિત્રની પણ હેરત પમાડે તેવી સાધના કરી. તેના માધ્યમથી તેં મલ્લ ગણાતા રાગ અને દ્વેષ પર વિજયધ્વજ લહેરાવ્યો. આના દ્વારા તેં જગતને એક સુંદર સંદેશ અને આદર્શ આપ્યો! તારો વિજય અનેક જીવાત્માઓના વિજયનું આલંબન બન્યો. એના દ્વારા તીર્થંકર થયાના પૂર્વના ત્રીજા ભવમાં ભાવેલી 'સવિ જીવ કરું શાસન રસી' ની સર્વોત્કૃષ્ટ ભાવનાને કંઈક અંશે સફળ બનાવી.

હે સિદ્ધ યોગીશ્વર! ભયાવહ સંસારને અનંતકાળમાં કોઈ ભવ્ય નથી બનાવી શક્યું. પરંતુ આપ જેવા આત્માઓએ તે જગતને નહીં, જાતને ભવ્ય બનાવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી. જે દુશ્મનોએ સંપૂર્ણ જગતના જીવોને અનંતકાળથી રમાડ્યા હજી પણ અનંત જીવોને રમાડે છે... તેમને આપે ભૂ ચાટતા કરી દીધા ! તેમના રામ રમાડી દીધા, બાર વગાડી દીધા ! કાયમ માટે આ દુશ્મનોથી મુક્તિ મેળવી લીધી !

હે નાથ ! વૈરાગ્યનાં શસ્ત્રો અને સંવેગ- નિર્વેદનાં બખ્તરવાળા યોદ્ધાઓ જ સંસાર પર વિજય મેળવી વીતરાગતાની વાટે આગળ વધી શકે છે.મતલબ વીતરાગતા પ્રાપ્ત કરવા માટે વિરાગ જરૂરી છે. વિરાગ તેનો જ સાર્થક છે, જે સંવેગ-નિર્વેદના પાયા પર ઊભો હોય. સ્મશાન જેવા, મોહગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્યની જૈનશાસનમાં કાંઈ કિંમત નથી. અર્થાત્ આવા વૈરાગ્યથી વીતરાગતા હાંસલ ન થઈ શકે.

હે જગન્નાથ ! પાપો પ્રત્યેના તિરસ્કાર વગર સાચો નિર્વેદ ક્યાંથી આવે ? આત્માની સિદ્ધાવસ્થાના પરિચય વગર તેના આકર્ષણ સ્વરૂપ સંવેગના ભાવથી

આત્મા કઈ રીતે ભાવિત બની શકે ? સાધુતાનો સ્વીકાર કરતાં પહેલાં જ આ સંવેગ અને નિર્વેદને ઉજાગર કરવાના છે. બાકી તો અભવ્યના જીવો તેના વિના; માંખીની પાંખ પણ ન દુભાય તેવું નિરતિચાર ચારિત્ર પાળવા છતાં સંસારી સુખો તરફ નફરતની જગ્યાએ એ સુખોનું આકર્ષણ અકબંધ હોવાના કારણે તે ચારિત્ર સંસારને વધારનારું થાય છે. તે જીવોને દુઃખનો દ્વેષ અને સુખનો રાગ જડબેસલાક બેઠેલો હોય છે. મોક્ષની તાલાવેલી તો દૂર રહી, તેને મોક્ષની ઈચ્છા જ નથી હોતી. મુક્તિના અનુરાગ વગર તેનો પુરુષાર્થ ક્યાંથી થાય ? આ મોક્ષનો અનુરાગ ન પ્રગટવા દેનાર, ભૌતિક સુખનું આંધળુ આકર્ષણ છે. એક મ્યાનમાં બે તલવાર ન રહે તે જ રીતે રાગ-વિરાગ સાથે રહી શકતા નથી. રાગનું ઝેર મારક લાગવાની જગ્યાએ મીઠું લાગતું હોય તો તે જીવને કોણ બચાવી શકે ? ભગવંત ! મારો પણ ભૂતકાળ આવો જ કંઈક ધુંધળો હતો. હવે કંઈક અંશે તારક-મારક તત્ત્વોનો પરિચય સદ્‌ગુરુના અને શાસ્ત્રોના સંગે થયો છે,તેથી મનમાં નવા વિચારોનાં બીજ રોપાઈ રહ્યાં છે. જૂનાં કુવિચારોનાં મૂળ ઊખડવા લાગ્યાં છે. પ્રભો ! હવે ઉતાવળ છે. મને આ વિષયમાં આગળ વધવાની શક્તિ પ્રદાન કર. કુવિચારોની રાજધાની અને ઉદ્‌ભવસ્થાન ગણાતા મનને બદલવા માટે સદ્‌વિચારોનાં કારણભૂત મનનું નિર્માણ કરી આપ. એ શુભ મનનાં માધ્યમથી મારા ઉચ્ચારો અને આચરણ પણ શુભ બને એવા સ્વાધ્યાયાદિ (તારાં આગમ-આગમાનુસારી વચનો) માં જ રચ્યો-પચ્યો રહું એવી કૃપા વરસાવ. જગતમાં તો શુભ-અશુભ બંને પ્રકારનાં દૃશ્યો જોવા મળે છે. શબ્દો પણ બંને પ્રકારના સાંભળવા મળે છે. અલબત્ત **શુભ-અશુભ બંને વિચારોની રાજધાની તો એક જ ગણાય છે, ને તે છે મન.**

**ઉચ્ચારની રાજધાની છે જીભ.** આ જીભ પણ ધ્યાન ન રાખવામાં આવે, તેને નિયંત્રણમાં રાખવામાં ન આવે ... સ્વતંત્રતા આપવામાં આવે તો મહાઅનર્થોનું કારણ બની જાય છે.ઘણી વાર આ જીભ વાંકી-ચૂંકી ચાલે છે. લપસી પડે છે ને સ્વ-પરના અહિતમાં નિમિત્ત બની જાય છે. વળી, આ જીભ ખાવામાંય અનર્થોનું સર્જન કરાવી જાય છે. **ખાવામાં સંયમ ન રખાય કે ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક ન જળવાય તો શરીરના અને આત્માના અનર્થોનું કારણ બને છે. શરીર રોગનું ઘર બને છે ને આત્મા દોષો (પાકર્મો) નો ઉકરડો બને છે. સાત્ત્વિકને બદલે તામસિક ખોરાક ખવાઈ જાય તો શરીર બગડવા સાથે મન પણ બગડે છે. વિચારોની વિકૃતિ જીવને વિનાશ તરફ પણ ખેંચી જાય છે.** વિચારોની સારી-માઠી અસર વચન અને



કાયા પર પડતી હોવાથી તેનાથી તેવાં-તેવાં કર્મો બંધાય છે. **મન તો બંધન અને મુક્તિનું મહત્ત્વનું કારણ ગણાય છે. ચેપીરોગ કરતાંય ચેપી-મન વધારે અને અનેક પ્રકારની પાયમાલીનું કારણ બને છે.** એ માટે જ હે પરમેશ્વર ! મને આ તમામ પ્રકારના અનર્થોથી બચાવી લો.

હે સંપૂર્ણ ભયોને જિતનારા ! અમે તો સતત ભયના ઓથાર નીચે જ જીવીએ છીએ. ભયથી થર થર ધ્રુજીએ છીએ. આ-લોક ભય, પરલોકભય, આદાન ભય, અકસ્માત ભય વગેરે સાતે ભયો અમારે માથે નાગી તલવારની જેમ ઝળુંબે છે. એમાંય મરણનો ભય તો સૌથી મોટો છે. ભલભલા સત્તાધારી જીવોય આ ભયના યોગે દુર્ધ્યાનમાં ખેંચાઈ જાય છે. **જે ભાગ્યશાળીએ તારાં પરમપવિત્ર અને સત્ય નીતરતાં વચનોનું અમૃતપાન કર્યું હોય,** તેનાં પર **અવિહડ રાગ** (શ્રદ્ધા) **પેદા થયો હોય તે જ મરણસમયે ,સમાધિમાં રહી શકે.** ડર્યા વગર **હસતાં હસતાં મૃત્યુને ભેટી શકે. મોતને માતમની જગ્યાએ મહોત્સવમાં ફેરવી શકે.** આવા દુનિયાને હરાવનારા મોતને જે પડકારી શકે, સહજતાથી સ્વીકારીને પ્રસન્નતા પૂર્વક અપનાવી લે તેનું માત્ર મૃત્યુ જ નથી સુધરતું... તેના આગામી જન્મો (ભવિષ્ય) સુધરી જાય છે. તેના માટે સંસાર અપાર,ઘોર સાગર બનવાની જગ્યાએ ખાબોચિયા જેવો બની જાય છે. અર્થાત્ કર્મોનાં, જન્મ-મરણનાં, આર્તધ્યાન-રૌદ્રધ્યાનનાં બધાં જ બંધનોથી હંમેશ માટે મુક્ત બનાવતા માર્ગે આગળ વધી જાય છે.મૃત્યુનો ડર નીકળી ગયા બાદ લગભગ બાકીના તમામ ભયો આપોઆપ દૂર થઈ જાય છે. કારણ કે, સંપૂર્ણ દુનિયાને, દુનિયાના ઈન્દ્ર-ચક્રવર્ત્યાદિને પણ સૌથી વધારે ભય મોતનો જ હોય છે. આવા દુનિયાને ડરાવનારા અને રડાવનારા મોતને પડકારી અને લલકારી શકું એવી તાકાત પ્રદાન કર.

ધ

## ★ પૂજ્યશ્રીનાં પગલે.... વચને... ★★★

- સંકલન

પૂજ્યપાદ સન્માર્ગરક્ષક આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્રવર્તિની સા.ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ ની નિશ્રામાં બોરસદમાં ૧૫૧ સમૂહ વર્ષીતપ ચાલી રહ્યા છે. તે દરમિયાન ઘણાં અનુષ્ઠાનો, પૂજનો વગેરે પણ થઈ રહ્યાં છે.

તા.૧૦-૪-૨૦૨૪ ચૈ.સુ.૨ બુધવારે સવારે ૯-૦૦ કલાકે અશોકભાઈ રસિકલાલના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું.

૪૦ રૂ. ની અને સાકરની પ્રભાવના અપાઈ. સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું.

ચૈ.સુ.૪ તા.૧૨-૪-૨૪ શુક્રવારે સવારે અયોધ્યા નગરીમાં સામુદાયિક વર્ષીતપ ઉચ્ચરાવવાનો પ્રસંગ ગોઠવાયો હતો. તે સમયે તમામ તપસ્વીઓ અતિ પ્રસન્ન હતા. ભાવોલ્લાસ સાથે સૌએ ક્રિયા કરી હતી. પૂજ્ય આચાર્યભગવંતશ્રીએ સમજ આપવાના યોગે વિશેષ ભાવની વૃદ્ધિ થઈ હતી.

**ગુણાનુવાદ-પત્રિકાલેખનઃ** ચૈ.સુ.૬ તા.૧૪-૪-૨૦૨૪ રવિવારે સવારે ૯-૦૦ કલાકે ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક **પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના ૨૧મા સમાધિ પર્વ મહોત્સવ નિમિત્તે** ગુણાનુવાદનો કાર્યક્રમ રાખવામાં આવેલ. સાથે બોરસદમાં પૂજ્ય સન્માર્ગરક્ષક આ.ભ.શ્રીજીની પુનિત નિશ્રામાં ચાલતા **૧૫૧ વર્ષીતપની પૂર્ણાહુતિના મહોત્સવની પત્રિકા લેખન**નો પ્રસંગ ગોઠવવામાં આવેલ.

સંગીતકાર અમદાવાદથી આવેલ, ગુરુગુણસ્તુતિ તથા ગીતના સથવારે પૂજ્ય ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવકશ્રીજીના ગુણાનુવાદ; તેઓશ્રીના કૃપાપાત્ર પટ્ટધર પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજે કર્યા હતા. પૂજ્ય ગુરુદેવના જીવનની ઘણી વાતો પ્રકાશમાં આવી હતી. જેનાથી ગુરુદેવ પ્રત્યેનો ભક્તિભાવ વૃદ્ધિ પામ્યો.

પવિત્ર મંત્રાક્ષરોના ઉચ્ચારણ અને ઘોષ સાથે પત્રિકાલેખન થયું. તેના પર કેસરનાં છાંટણાં અને અક્ષતનાં વધામણાં થયાં. તે દિવસે અને સમયે ૨૭ પત્રિકા લખાઈ. અંતે ગોળની પ્રભાવના જયંતીલાલ રમણલાલ પાડગોલવાળા (વિપુલભાઈ) તરફથી થઈ. ઉપરાંત સાકરની પ્રભાવના ચોકસી રસિકલાલ મોહનલાલ-બોરસદ તરફથી થઈ. ગુરુભક્તો તરફથી રૂ.૫૦ પ્રભાવના અપાઈ. સાથે સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું. તેનો લાભ વર્ષીતપ સંકલન સમિતિએ લીધો. તે જ સમયે ૧૫૧ તપસ્વીઓને પારણાના દિવસે ૧. તિલક કરવાના ૨. શ્રીફળ અર્પણ કરવાના ૩. હાર પહેરાવવાના ૪. શાલ ઓઢાડવાનો અને ૫. દૂધથી પગ ધોવાનો : આમ પાંચ ચઢાવા બોલાવ્યા.

**શાશ્વતી ઓળી :** ચૈ.સુ.૭ તા.૧૫-૫-૨૪ સોમવારથી શાશ્વતી ઓળીનો પ્રારંભ થયો હતો. ગત વર્ષે જ ઓળીનો આદેશ અપાઈ ગયો હતો. ઓળીનો ઉત્તરપારણાં-પારણાં સાથેનો લાભ માતુશ્રી ચન્દ્રાબેન રસિકલાલ સંઘવી પરિવારે લીધો હતો. કેટલાંક વર્ષોથી ઓળી ત્રણે સંઘોની ભેગી શ્રીમાળીની વાડીમાં જ થાય છે. આ વર્ષે આયંબિલના તપસ્વીઓને પીરસવા આવનાર ભાગ્યશાળીઓને બપોરે જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઓળીમાં (૧૫૧ વર્ષીતપ ચાલતા હોવા છતાં) રોજ



૧૦૦ થી ઉપર આયંબિલ થતાં હતાં. તે જ રીતે ૧૦૦ થી ૧૫૦ રૂ.ની પ્રભાવના થતી હતી. નવપદનાં પ્રવચનો પણ ચાલું હતાં. વ્યાખ્યાનમાં પણ ૧૦ થી ૫૦ રૂ. સુધીની પ્રભાવના થતી હતી. તે જ રીતે બહેનોમાં રાસના વાચનમાંય લાભાર્થી તરફથી ૧૦-૧૦રૂ. ની પ્રભાવના થતી હતી. સળંગ ઓળીવાળા ભાગ્યશાળીઓ ૯૩ હતા. એ ઓળીવાળાને ચાંદીના સવા રૂપિયાની પ્રભાવના અપાઈ. રોજ પીરસવા (ભક્તિ કરવા) આવનારને ચાંદીની લગડીની પ્રભાવના અપાઈ. તે જ રીતે ઓળીનું સંચાલન કરનાર રાજેશભાઈ ભાઈલાલભાઈનું ૫૦ગ્રામ ચાંદીની લગડીથી બહુમાન કરવામાં આવ્યું હતું.રસોઈયા તથા રોટલી કરવાવાળી બહેનો વગેરે સૌનું બહુમાન કરવામાં આવેલ.

**સિદ્ધચકપૂજન અને વરઘોડો :** શાસનનાયક શ્રી વીરવિભુના જન્મ કલ્યાણક નિમિત્તે વરઘોડો નીકળ્યો હતો. વરઘોડાના તથા સંઘજમણના લાભાર્થી શા. ચન્દ્રશેખર પ્રાણજીવનદાસ હતા.

ઓળીના લાભાર્થી માતુશ્રી ચન્દ્રાબેન રસિકલાલ ચોકસી, હસ્તે હર્ષદભાઈ ચોકસી તરફથી આજે શ્રીસિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવ્યું. ખૂબ સુંદર ભક્તિ કરી. જીવદયાની ટીપ પણ સારી થઈ. તે દિવસે શ્રીશાંતિનાથ જિનાલયે ભવ્ય અંગરચના સહ જિનાલયનો શણગાર કરવામાં આવ્યો હતો. પુષ્પોના વિવિધ શણગારથી દેવવિમાન જેવું દૃશ્ય ખડું કર્યું હતું. પૂજનને અંતે સંઘ સાધર્મિક વાત્સલ્ય થયેલ. તે જ રીતે વર્ષીતપવાળા આરાધકોને સાંજનું બિયાસણું પણ આ જ પરિવારે કરાવેલ. બિયાસણામાં રૂ.૭૦ની પ્રભાવના થઈ. પૂજનને અંતે રૂ.૬૦ની પ્રભાવના થઈ હતી.

ચૈ.વ.પ્રથમ ૧ ના દિવસે પારણાં કરાવાયાં.

**શતાબ્દી :** ચૈ.વ.૩ તા.૨૭-૪-૨૪ શનિવારે પૂજ્યશ્રી નાપાડ પધાર્યા. અહીંના શ્રીમુનિસુવ્રતસ્વામી જિનાલયને આગામી વિ.સં. ૨૦૮૧, માગ.સુ.૫ તા.૬-૧૨-૨૪ ના રોજ સો વર્ષ પૂરાં થાય છે. તે નિમિત્તે કા.વ.૧૪ તા.૩૦-૧૧-૨૪ થી માગ.સુ.૫ તા.૬-૧૨-૨૪ સુધી સાત દિવસનો મહોત્સવ થશે. ૧૦૦મી સાલગીરીની ધજા સહિત કેટલાક આદેશો આપવાના હોવાથી પૂજ્યશ્રી નાપાડ પધાર્યા. માહોલ એવો ઊભો થયો કે-મોટા ભાગના આદેશો આજે જ અપાઈ ગયા. સાતે દિવસનાં પૂજા-પૂજનો, ત્રણે ટાઈમનાં સાધર્મિકવાત્સલ્ય, વરઘોડો, ધ્વજારોહણ, વિધિવિધાન મંડપ, જિનાલય મંડપ વગેરેના બોલીઓ દ્વારા, નકરા દ્વારા આદેશો અપાઈ ગયા. માત્ર શતાબ્દી કીટ, મહેંદીરસમ્, સાંજી વગેરેના આદેશો આપવાના બાકી રહ્યા છે. પત્રિકામાં લિખિતમ્ નો આદેશ અપાઈ ગયો છે. આયોજકની ભિન્ન ભિન્ન યોજના બાકી છે. (ક્રમશઃ) ધ

# પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા

**ये तवाष्टविधां पूजां, कुर्वन्ति परमेश्वर!।**
**अष्टापि सिद्धयस्तेषां, करस्था अणिमादयः ।।**

હે પરમેશ્વર ! જે જીવો તારી અષ્ટપ્રકારી પૂજા
કરે છે, તેઓને અણિમા-ગરિમા-લઘિમા વગેરે
આઠે સિદ્ધિઓ હાથમાં આવી જાય છે.
અર્થાત્ હથેળીમાં આવી મળે છે.